<u>ક્રિમી. કેસ.નં. ૭૧૪૭૧/૧૮</u>

<u>આંક– ૧. લગત હુકમ.</u>

સદર કેસનું રેકર્ડ વંચાણે લેતાં આરોપી સામેનો કેસ ઘણા લાંબા સમયથી પેન્ડીંગ છે. આ કામના આરોપીને વારંવાર સમન્સ તથા વોરંટ કાઢવા છતાં તેની બજવણી થયેલ નથી. આમ આરોપીને ઘણો સમય થવા છતાં કોર્ટ સમક્ષ લાવી શકાયેલ નથી. આરોપીને કોર્ટ સમક્ષ લાવવા યોગ્ય પ્રયત્નો થયેલ હોવાનું જણાઈ આવે છે. આરોપી સામેનો ગુનો, તેનો પ્રકાર, મહત્તમ સજાની જોગવાઈ વિગેરે ઘ્યાનમાં લેતાં આરોપી સામેનો કેસ વઘુ સમય આગળ ચલાવવો નાણાં અને સમયના વ્યય સમાન છે. આ કામના આરોપીના જામીનદાર પણ મળી આવતા નથી. તે જોતાં સદરહું કેસ આગળ ચલાવવા માટેના કોઈ યોગ્ય અને ઉચીત કારણો જણાઈ આવતા નથી.

ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતાં હાલનો કેસ Deadwood Case ની કેટેગરીમાં આવે છે. જેથી આવા કેસને આગળ ચલાવવાથી કોઈ અર્થ સરે તેમ નથી. જયારે તેવો કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ અન્વયે બંઘ કરવાથી કોઈ પણ વ્યકિત કે સરકારપક્ષને પણ કોઈ પ્રેજયુડાઈઝ થવાની કોઈ જ શકયતા નથી અને તેમજ હાલનો કેસ તે પોલીસ કેસ તથા સમન્સ ટ્રાયબેલ કેસ છે તથા ઘણો જુનો કેસ જણાય છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ– ૨૫૮ નો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કેસનું પ્રોસીડીગ ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૮ મુજબ આરોપી સામે હાલના તબકકે સ્ટોપ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપીને સદરહું કેસમાંથી ડીસચાર્જ કરવામાં આવે છે. જો આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેની સામે ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૦૦(૫) મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

હુકમ આજ રોજ તા. ૦૮/૦૯ /૨૦૧૮ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૦૮/૦૯/૨૦૧૮

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ.
કોડ નં. જી.જે. ૦૧૦૨૩